બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૦/૨૦૨૨.

**વંચાણે લીધા:-**

(૧)શિક્ષણ વિભાગનો તા.૨૧/03/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૨)નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ).

**આમુખ:-**

શિક્ષણ વિભાગના તા.૨૧/03/૨૦૧૭ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પદ્ધતિ દ્વારા ફિક્સ પગારથી નિમણૂંક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને તા.૧૩/૧૧/૨૦૧૪ના નાણા વિભાગના જાહેરનામા મુજબની તારીખ એટલે કે તા.૦૧/૧૦/૨૦૧૪ થી ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવામાં આવેલ છે. બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ,૧૯૭૪ની જોગવાઇઓ મુજબ પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય છે. આ વિનિયમના વિનિયમ ક્રમાંક-30(૬)(ક)માં થયેલ જોગવાઇ મુજબ જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતા વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળક હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને ૧૮૦ દિવસની પ્રસૂતિ રજા આપવાની જોગવાઇ થયેલ છે. વિનિયમ ક્રમાંક-30(૬)(ખ) મુજબ પ્રસૂતિ રજાના આરંભ પહેલા જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય, તેને આવી રજા અર્ધા પગારે અને 30(૬)(ગ) મુજબ બે વર્ષની અથવા બે કરતાં વધારે વર્ષની નોકરી કરી હોય તેને પૂરા પગારે પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય છે. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવથી બે કે તેથી વધુ જીવિત બાળકો ધરાવતા ન હોય તેવા કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી જ, તેણી જે તારીખથી માતૃત્વ રજા પર જાય તે તારીખથી એકસો એંસી દિવસના સમયગાળાની માતૃત્વ રજા મળવાપાત્ર થવાનું ઠરાવેલ છે તથા આવી માતૃત્વ રજા તેણીના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ અને તેણીને મળવાપાત્ર રજાનો પગાર, તેને રજા પર જતા તરત પહેલા જે પગાર મળતો હોય તની બરાબર રહેશે તેવી જોગવાઇ થયેલ છે. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની જોગવાઇઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.



Scanned with OKEN Scanner

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ(ફિક્સ પગાર અને નિયમિત નિમણૂંક)ને પ્રસ્તુત ઠરાવના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના ઠરાવની જોગવાઈઓ લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ,૧૯૭૪માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી છ શાખાએ સત્વરે કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ.૧/ગ.૨/છ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.



Scanned with OKEN Scanner